સંદેશ, પાના નં.૦૨ તા. ૦૯-૦૪-૨૦૨૪

### ફરી એકવાર મેટ્રો ક્રિકેટરસિકોની પહેલી પસંદ બની

# IPL મેચો દરમિયાન ૨.૬૫ લાખથી વધુ લોકોએ મેટ્રોની મુસાફરી કરી, આવક ૫૦ લાખથી વધુ

## ગત વર્ષે ૮ મેચ દરમિયાન ૬.૫૨ લાખ મુસાફરો ઊમટતા રૂ.૧.૦૭ કરોડની આવક થઈ હતી

। અમદાવાદ ।

શહેરની મેટ્રો ટ્રેનમાં IPL મેચને પગલે સ્ટેડિયમ સુધી આવવા જવા માટે ક્રિકેટપ્રેમીઓની પહેલી પસંદ ફરી જોવા મળી છે. વર્ષ ૨૦૨૪ના IPLની ૩ મેચના દિવસે કુલ ૨,૬૫,૬૬૦ લોકોએ મુસાફરી કરતાં મેટ્રોની ત્રણ દિવસની આવક રૂ. ૫૦ લાખને પાર થઈ છે. શહેરમાં મેટ્રોમાં દરરોજ સરેરાશ ૩૦થી ૪૦ હજાર મુસાફરો મુસાફરી કરી રહ્યા છે. ગત વર્ષે પણ IPLની ૮ મેચોના દિવસોમાં કુલ ૬.૫૨ લાખ લોકોએ મુસાફરી કરતા મેટ્રોની આવક રૂ.૧.૦૭ કરોડ થઈ હતી.

શહેરમાં મેટ્રોની શરૂઆત થયા બાદ સરેરાશ ૩૦થી ૪૦ હજાર જેટલા લોકો ઓફિસ, કોલેજ કે પછી પોતાના વેપાર પર સહેલાઈથી પહોંચવા મેટ્રોમાં મુસાફરી કરી રહ્યા છે. ખાસ કરીને મોટેરા ખાતેના ક્રિકેટ સ્ટેડિયમમાં જ્યારે પણ મેચ હોય છે ત્યારે ટ્રાફિકજામમાં હાલાકી ન પડે તે માટે તેમજ પાર્કિંગની સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટે મેટ્રોને પહેલી પસંદ બનાવી છે. આવા સમયે કેટલીકવાર મેટ્રોમાં પણ પગ મુકવાની પણ સ્થિતિ ન હોય તેવા દ્રશ્યો પણ સામે આવતા હોય છે. આ સાથે મેચના દિવસોમાં મેટ્રો દ્વારા પણ ક્રિકેટપ્રેમીઓ માટે મોડી રાત સુધી મેટ્રો દોડાવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ સાથે ટિકિટ માટે લાંબી લાઈનો ન લાગે તે માટે પેપર ટિકિટની પણ વ્યવસ્થા કરાઈ હતી.



### IPLના મેચના દિવસે મુસાફરોની સંખ્યા વધતા મેટ્રોની આવક વધી

| તારીખ | મુસાફરોની સંખ્યા | મેટ્રોની આવક |
|---|---|---|
| ૨૪ માર્ચ | ૮૧,૫૫૩ | ૧૮,૨૦,૦૧૬ |
| ૩૧ માર્ચ | ૮૫,૪૧૬ | ૧૪,૧૧,૨૫૫ |
| ૪ એપ્રિલ | ૯૮,૬૯૧ | ૧૮,૦૭,૬૨૯ |